### વિશ્વકર્મા ગવર્મેન્ટ એન્જિનિયરિંગ કોલેજ, ચાંદખેડા દ્વારા

# જીટીયુ સેન્ટ્રલ ટેક ફેસ્ટ'૧૯ હેઠળ 'સ્ટાર્ટ-અપ સ્ટ્રીટ'



ગાંધીનગર, તા. ૯

સ્ટાર્ટ અપ ઈન્ડિયા એ ભારત સરકારની એક પહેલ છે જેનું પ્રાથમિક લક્ષ્ય એન્ટરપ્રિન્યોરશિપને પ્રોત્સાહન આપવા અને સ્ટાર્ટઅપ્સ થકી માત્ર રોજગાર પૂરો પાડવા નહીં, સ્વતંત્ર્ય રોજગાર પૂરો પાડવાનો છે.

વિશ્વકર્મા ગવર્મેન્ટ એન્જિનિયરિંગ કોલેજ, ચાંદખેડા દ્વારા જીટીયુ સેન્ટ્રલ ટેક ફેસ્ટ'૧૯ હેઠળ 'સ્ટાર્ટ-અપ સ્ટ્રીટ' યોજવામાં આવી હતી. આ સ્ટાર્ટ-અપ સ્ટ્રીટ હેઠળ ઘણા પ્રોજેક્ટ્સ જેમ કે ઑટોમેટિક ફર્ટિલાઈઝર સ્પ્રેયર,સ્માર્ટ એક્સ સીટી, રક્ષક (લેન્ડ માઈન ડિરેક્ટર), સ્પ્રિંગ ક્લિનીંગ મશીન, ઓરાયન સાયન્ટિફિક, ટ્રિઓ ટિચર્સ વગેરે પ્રોજેક્ટ રાજુ કરાયા હતા.

આ ઈવેન્ટ દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલી નેતૃત્વની તેમજ વ્યકવસાયિક કળાને ખીલવવા માટે નો એક પ્રયાસ કરવામાં આવ્યો છે. અત્યારના સમયમાં ભારત-પાકિસ્તાન વચ્ચેની તણાવપૂર્ણ સ્થિતિને જોતાં રક્ષક(લેન્ડ માઈન ડિરેક્ટર) કે જે માઈનફિલ્ડ્સમાં એન્ટિ ટેન્ક માઈન્સ શોધવા માટે ઉપયોગી એવા ઓટોમેટિક રોબોટ છે. જે વાઈસ કમાન્ડ્સ કે કન્ટ્રોલરની મદદથી પણ કન્ટ્રોલ કરી શકાય છે. આ રોબોટમાં કેમિકલ સેન્શર્સ, બ્લૂટુથ, જીપિએસ સસર્વિસ, કેમેરા, વગેરે જેવી અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.જેનો ઉપયોગ ઈન્ડિયન આર્મીને સંરક્ષણ પૂરું પાડવા થઈ શકે છે.રેલવેની સ્પ્રિંગની સફાઈ નો ૭ દિવસ જેટલો સમય બચાવવા તેમજ મજુરી ખર્ચ ઓછો કરવા સ્પ્રિંગ ક્લીનીંગ મશીનનો વિચાર સ્ટાર્ટઅપ રૂપે રજૂ કરવામાં આવ્યો જેના દ્વારા ફક્ત સાત મિનિટ જેટલા સમયમાં જ પૂરી સ્પ્રિંગની સફાઈ શકાય છે.

આ એક એવી ઈવેન્ટ છે જે ભવિષ્યના મહત્વકાંક્ષી આંતરપ્રિન્યોરના સ્વપ્નોને ઉત્તેજિત અને પ્રોત્સાહિત કરે છે. આ ઈવેન્ટ સફળ પરિણામો મેળવવા માટે મહત્વકાંક્ષી વિદ્યાર્થીઓને ધ્યાન કેન્દ્રિત કરવા અને લોજિકલ અભિગમ અને બુદ્ધિ સાથે તેમના દ્રષ્ટિકોણની અભિયોજના કરવામાં મદદરુપ રહયો. સ્ટાર્ટઅપ સ્ટ્રીટ ગુજરાતમાંથી ટોચના કોર્પોરેટ જાયન્ટ્સ સરકારી એજન્સીઓ, ઈન્કયુબેટર્સ, રોકાણકારો, વિદ્યાર્થી અને તકનીકી કંપનીઓને ભાવિ એન્જિનિયર્સની પ્રતિભા દર્શાવવા માટે એક અદભુત પ્લેટફોર્મ પ્રદાન કર્યું હતું. તેમને વિવિધ પ્રખ્યાત ઈન્કયુબેટર્સ, અગ્રણી સંસ્થાઓ અને ઉદ્યોગના નિષ્ણાંતો સાથે વાતચીત કરવાની તક મળી હતી સાથે તેમને ભવિષ્યના પાસાઓ માટે માર્ગદર્શન મેળવવાની તક પણ મળી હતી. નિષ્ણાતોએ તકનિકી નવીનતાઓ પર તેમના અનુભવો, અંતર્દૃષ્ટિ અને મંતવ્યો પણ રજૂ કર્યા હતા.

## જન્મદિને વધામણી



શૈલેન્દ્ર વી. સોલંકી
પ્રેસ ફોટોગ્રાફર,
ગાંધીનગર સમાચાર
મો. ૯૯૧૩૭ ૭૪૨૨૮



પી જે રાઠોડ
પ્રમુખ, ઉગમણા સત્તાવીશ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ
મો. ૯૯૦૯૫ ૪૭૨૧૫



ચીમનભાઈ આર સોલંકી
મો. ૯૮૨૪૫ ૦૧૭૫૬



ઉષાબેન ક્રિશ્ચિયન
મો. ૯૦૯૯૩ ૪૨૪૦૯



હિતેષ ચાંગલાની

**ડાયરેક્ટ ❤ સે**

ભૂલ એનાથી જ થાય છે
જે કંઈક કરવા ઈચ્છે છે
બાકી નહીં કરવાવાળા તો
બીજાની ભૂલો જ જુએ છે

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

### ગુજરાત કાઉન્સિલ ઑન સાયન્સ ઍન્ડ ટૅકનોલૉજી પ્રેરિત

# નિસર્ગ સાયન્સ સૅન્ટર દ્વારા સાયન્સ ટૅલેન્ટ વર્કશૉપ

### ૨૦ એપ્રિલથી ૪ મે સુધી વર્કશૉપ યોજવામાં આવશે
### ધોરણ-પથી ૧૦ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે

ગાંધીનગર, તા. ૯

ગુજરાત કાઉન્સિલ ઑન સાયન્સ ઍન્ડ ટૅકનોલૉજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સૅન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિવિધ પ્રકારના વૈજ્ઞાનિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં રસ લેતાથાય અને દરેક બાબતને સમજવા માટે તેમનામાં વૈજ્ઞાનિક વલણ વિકસેતે હેતુથી જુદી-જુદી વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ પાસે કરાવવામાં આવે છે, જેનાથી વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક સમજ વિકસે છે અને તેમનામાં આત્મવિશ્વાસનો વધારો થાય છે.

વૅકેશન દરમિયાન વિદ્યાર્થીઓ પોતાની રજાઓ ટીવી, વિડીયોગેમ, ફિલ્મો, મોબાઈલ ગેમ જેવી બિનજરૂરી પ્રવૃત્તિઓમાં ન વેડફી દે તે હેતુથી તા. ૨૦મી એપ્રિલથી ૪ મે સુધી સાયન્સ ટૅલેન્ટ વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્કશૉપ અંતર્ગત ન્યુટન થર્ડ લૉ, ઍક્ટિવિટી, ઍરો મૉડેલિંગ વર્કશૉપ, ફન વિથ ફિઝીક્સ, રૉબોટીક્સ, ડ્રૉન મેકિંગ, ફન વિથ કૅમેસ્ટ્રી, બાયોટૅકનોલૉજી અન્ડરસ્ટૅન્ડિંગ વર્કશૉપ, સાયન્સ બિહાઈન્ડ મૅજિક, થ્રીડી મૉડેલ મૅકિંગ વર્કશૉપ, લો કૉસ્ટ સાયન્સ મૉડેલ મેકિંગ વર્કશૉપ, હેમ રેડિયો વર્કશૉપ, તોડ ફોડ જોડ ઍક્ટિવિટી, ફૂડ ટેસ્ટીંગ ડેમોન્સ્ટ્રેશન જેવા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્કશૉપમાં ધોરણ-પથી ૧૦ સુધીના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. ભાગ લેવા માટે તા. ૧૮મી એપ્રિલ સુધીમાં નિસર્ગ સાયન્સ સૅન્ટર (મો. ૯૪૨૬૪ ૫૧૧૦૨ અથવા ૯૦૯૯૩ ૮૨૯૩૬) સમક્ષ નામની નોંધણી કરાવવી આવશ્યક છે, એમ એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# 'આત્મન્' દ્વારા સતત ૨૩મા વર્ષે અભિવ્યક્તિ બાળ શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૯

પ્રતિ વર્ષ આત્મન ફાઉન્ડેશન દ્વારા વેકેશનનાં સમયમાં બાળકોને મનગમતી પ્રવૃત્તિઓ સાથે જ્ઞાન- ગમ્મત મેળવી શકે તે હેતુથી તદ્દન ખુલ્લા - કુદરતી વાતાવરણમાં બાળશિબિરનું આયોજન કરવામાં આવે છે.

આ વર્ષે વેકેશન દરમ્યાન આગામી તા. ૧૯, ૨૦, ૨૧ એપ્રિલ, ૨૦૧૯(શુક્ર, શનિ, રવિ)નાં રોજ ત્રણ દિવસની બાળ અભિવ્યક્તિ શિબિર યોજાનાર છે. શિબિરનો સમય સવારના ૯.૩૦ થી સાંજના ૬.૦૦ સુધીનો રહેશે. ધોરણ ૧ થી ૯ના વિદ્યાર્થીઓ-બાળકો આ શિબિરમાં ભાગ લઈ શકશે. શિબિરનું સ્થળ શ્રી જવાહરલાલ નહેરૂ સરકારી વનૌષધિ ઉદ્યાન, સરકીટ હાઉસ પાછળ, સેકટર- ૧૯ બસ સ્ટેન્ડ પાસે, ગાંધીનગર રહેશે.

આ બાળશિબિરમાં બાળકોને જ્ઞાન સાથે ગમ્મત આપતી વિવિધ પ્રવૃત્તિઓ જેમ કે, બ્રિધિંગ એકસરસાઈઝ, બાળગીત, સંગીત, ચિત્રકામ-ક્રાફટ, નાટક-અભિનય, નૃત્ય, રમતગમત, વિજ્ઞાનનાં-જાદુના પ્રયોગો, વાર્તા વગેરે જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે. છેલ્લા ૨૩ વર્ષથી આ શિબિર યોજવામાં આવે છે.

શિબિરમાં ભાગ લેવા માંગતા બાળકો-વાલીઓએ ફોર્મ મેળવી તા.૧૬-૪-૨૦૧૯ સુધીમાં ભરવાના રહેશે, એવી સૂચના સંસ્થા દ્વારા આપવામાં આવી છે. બાળકો વેકેશનનો સમય પોતાની ગમતી પ્રવૃત્તિઓમાં હળવાશ સાથે, વિવિધ રચનાત્મક બાબતોમાં, સહજીવનના પાઠ શીખીને માણી શકે તે હેતુથી આ શિબિર યોજવામાં આવે છે.

ફોર્મ મેળવવા માટે (૧) સુધાબેન શુકલ, ૯/૪૯, પરિમલ એપોર્ટમેન્ટ, સેકટર-૭, ગાંધીનગર, મો. ૯૮૭૯૨ ૭૯૫૨૯ (૨) તુષાર દવે, પ્લોટ નં- ૨૪૨/૨, સેકટર-૩ એ ન્યુ, ગાંધીનગર, મો. ૯૨૭૫૧ ૫૩૮૦૪, (૩) જિગરભાઈ પટેલ, લાડલી બ્યુટી કલેકશન, ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર, સે.-૨૧, ગાંધીનગર , મો. ૯૮૯૮૦ ૬૧૨૯૦, (૪) સંજય થોરાત, પ્લોટ નં- ૬૩૫/૨, મંગલમૂર્તિ પાર્ક પાસે, સેકટર-૮ બી ગાંધીનગર મો. ૯૯૨૪૦૫૭૦૪૯, (૫) ક્રિનલ વિક્રમભાઈ જાની, પ્લોટ નં. ૪૭૨/૨, સેકટર -૪બી, ખ રોડ, ગાંધીનગર મો. ૯૭૨૭૭૨૦૬૮૬, (૬) જયશ્રી આર.ખેતિયા, પ્લોટ નં.-૮૫૦, સોમેશ્વર સોસાયટી, સે. ૨૭, ગાંધીનગર. મો. ૯૩૭૪૮ ૦૫૯૪૮, (૭) કુંતલભાઈ નિમાવત, એચ-૨, વિજય એપાર્ટમેન્ટ, વાવોલ, ગાંધીનગર, મો. ૯૮૨૪૫ ૧૦૧૪૫ અથવા (૮) પ્રજ્ઞા એ. પટેલ, પ્લોટ નં.૧૬૮૭/૧, સેકટર- ૨ ડી, ગાંધીનગર, મો. ૯૮૨૫૪ ૩૮૩૯૪નો સંપર્ક કરવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# આરટીઈ પ્રવેશ બાબતે જાહેર હિતની અરજી

ગાંધીનગર, તા. ૯

આરટીઈ કાયદા હેઠળ ગરીબ અને નબળા વર્ગના વિદ્યાર્થીઓને તાકીદે પ્રવેશ આપવાની પ્રક્રિયા શરૂ કરવાની માગ સાથેની જાહેરહિતની અરજીમાં અરજદારે કેટલાક ચોંકાવનારા આક્ષેપો હાઈકોર્ટ સમક્ષ કર્યા હતા. આરટીઈની પ્રવેશની પ્રક્રિયા ઓનલાઈન છે, ત્યારે એના સત્તાવાર પોર્ટલ પરથી અનેક નામાંકિત શાળાઓના નામ જ ગાયબ છે. એટલું જ નહીં અનેક શાળા એવી છે કે જેમણે શૂન્ય બેઠક બતાવી છે. આવી ૨૦-૨૦ શાળાઓની એક સેમ્પલ રૂપ યાદી પણ અરજદારે હાઈકોર્ટ સમક્ષ મૂકી છે. આ કેસની વધુ સુનાવણી ૧૮મી એપ્રિલ પર રાખવામાં આવી છે. રાજ્યમાં આરટીઈ હેઠળ દરેક શાળામાં ૨૫ ટકા બેઠકો ગરીબ અને નબળા વર્ગના વિદ્યાર્થીઓ માટે રાખવાના કાયદા અન્વયે વર્ષ ૨૦૧૮-૧૯ના શૈક્ષણિક વર્ષ માટે ઝડપથી પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવાની દાદ માગતી રિટ હાઈકોર્ટમાં થઈ છે. જેમાં સોમવારે રાજ્ય સરકાર તરફથી એક સોગંદનામું રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં જણાવ્યું હતું કે,'રાજ્ય સરકારે પ્રવેશની પ્રક્રિયા શરૂ કરી દીધી છે. તમામ જરૂરી ડેટા પોર્ટલ પર અપલોડ કરી દેવામાં આવ્યાં છે અને સંબંધિત સ્ટાફને જરૂરી ટ્રેનિંગ પણ અપાઈ છે.'

# પહાડ જેવડી ભૂલ

અમદાવાદની સભા પછી તરત હું નડિયાદ ગયો. 'પહાડ જેવડી ભૂલ' નામે શબ્દપ્રયોગ જે પ્રસિધ્ધિ પામ્યો છે તે મેં પહેલો નડિયાદમાં કર્યો. અમદાવાદમાં જ મને મારી ભૂલ જણાવા લાગી હતી. પણ નડિયાદમાં ત્યાંની સ્થિતિનો વિચાર કરતાં, ખેડા જિલ્લાના ઘણાય માણસોને પકડાયેલાં સાંભળતાં, જે સભામાં હું થયેલા બનાવો ઉપર ભાષણ કરી રહ્યો હતો, ત્યાં મને એકાએક થઈ આવ્યું કે, ખેડા જિલ્લાના અને એવા બીજા લોકોને કાયદાનો સવિનય ભંગ કરવા નોતરવામાં મેં ઉતાવળ કરવાની ભૂલ કરી હતી, અને તે મને પહાડ જેવડી જણાઈ.

આવી કબૂલાત મેં કરી તેથી મારી હાંસી સારી પેઠે થઈ. છતાં એ સ્વીકાર કરવાને સારુ મને પશ્ચાત્તાપ કદી નથી થયો. મેં હમેશાં એમ માન્યું છે કે, બીજાના ગજ જેવડા દોષોને આપણે રજ જેવડા કરી જોઈએ ને પોતાના રાઈ જેવડા લાગતા દોષોને પહાડ જેવડા જોતાં શીખીએ, ત્યારે જ આપણને પોતાના ને પારકા દોષોનું ઠીક પ્રમાણ મળી રહે. મેં એમ પણ માન્યું છે કે, આ સામાન્ય નિયમનું પાલન સત્યાગ્રહી થવા ઈચ્છનારે તો ઘણી વધારે સૂક્ષ્મતાથી કરવું જોઈએ.

તે પહાડ જેવી લાગતી ભૂલ શી હતી તે જોઈએ. કાયદાનો સવિનય ભંગ તે જ માણસોથી થઈ શકે જેમણે કાયદાને વિનયપૂર્વક સ્વેચ્છાએ માન આપ્યું હોય. ઘણે ભાગે આપણે કાયદાના ભંગને સારુ થતી સજાના ડરને લીધે તેનું પાલન કરીએ છીએ. વળી આ વાત, જેમાં નીતિઅનીતિનો પ્રશ્ન નથી હોતો તેવા કાયદાને વિશેષે લાગુ પડે છે. કાયદો હો કે ન હો, પણ સારા ગણાતા માણસ એકાએક ચોરી નહીં કરે; છતાં રાત પડ્યે બાઈસિકલ ઉપર બત્તી સળગાવવાના નિયમમાંથી છટકી જતાં સારા માણસને પણ ક્ષોભ નહીં થાય. અને આવા નિયમ પાળવાની સલાહ માત્ર કોઈ આપે તો તેનું પાલન કરવા સારા માણસ પણ ઝટ તૈયાર નહીં થાય. પણ જ્યારે તેને કાયદામાં સ્થાન મળે છે, ને તેના ભંગને સારુ દંડ થવાનો ભય લાગે છે, ત્યારે દંડ આપવાની અગવડમાંથી બચવાને સારુયે તેઓ રાત પડ્યે બાઈસિકલ ઉપર બત્તી સળગાવશે. નિયમના આવા પાલનને સ્વેચ્છાએ કરેલું પાલન ન ગણી શકાય.




પણ સત્યાગ્રહી તો સમાજના જે કાયદાને માન આપશે તે માન સમજપૂર્વક, સ્વેચ્છાએ, માન આપવાનો ધર્મ જાણી આપશે. આમ જેણે સમાજના નિયમોનું ઈરાદાપૂર્વક પાલન કર્યુ છે, તેને જ સમાજના નિયનોની નીતિઅનીતિનો ભેદ કરવાની શક્તિ આવે છે, ને તેને મર્યાદિત સંજોગોમાં અમુક નિયમોનો ભંગ કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. આવો અધિકાર લોકોએ પ્રાપ્ત કર્યા પહેલાં તેમને મેં સવિનય ભંગ કરવા નોતર્યા, એ મારી ભૂલ મને પહાડ જેવડી લાગી. અને ખેડા જિલ્લામાં પ્રવેશ કરતાં મને ખેડાની લડતનું સ્મરણ થયું ને મને લાગી આવ્યું : હું ભીંત ભૂલ્યો. મને લાગ્યું કે, લોકો સવિનય ભંગ કરવાને લાયક બને તે પહેલાં તેના ઊંડા રહસ્ય વિષે તેમને જ્ઞાન થવું જોઈએ. જેમણે કાયદાઓને રોજ મનથી તોડ્યા હોય, જેઓ છૂપી રીતે ઘણીયે વાર કાયદાનો ભંગ કરતા હોય, તેઓ એકાએક સવિનય ભંગને કેમ ઓળખી શકે ? તેની મર્યાદા કેમ જાળવી શકે ?

મજકૂર આદર્શ સ્થિતિને હજારો કે લાખો કે લાખો લોકો ન પહોંચી શકે એ તો સહેજે સમજાય. પણ જો એમ હોય તો સવિનય ભંગ કરાવતા પહેલાં લોકોને સમજૂતી આપનારા અને તેમને પ્રતિક્ષણ દોરનારા શુધ્ધ સ્વયંસેવકોનું દળ પેદા થવું જોઈએ, ને આવા દળને સવિનય ભંગની ને તેની મર્યાદાની સમજ પૂરેપૂરી પડેલી હોવી જોઈએ.

આવા વિચારો ભર્યો હું મુંબઈ પહોંચ્યો ને સત્યાગ્રહ સભા મારફતે સત્યાગ્રહી સ્વયંસેવકોનું દળ ઊભું કર્યુ. તેની મારફતે લોકોમાં સવિનય ભંગની સમજ આપવાની તાલીમનો આરંભ કર્યો, ને સમજ આપનારી પત્રિકાઓ કાઢી.

આ કામ ચાલ્યું તો ખરું, પણ મેં જોયું કે તેમાં હું બહુ રસ પેદા ન કરી શક્યો. સ્વયંસેવકોનો દરોડો ન પડ્યો. જે ભરતીમાં આવ્યા તેમણે બધાએ નિયમિત તાલીમ લીધી એમ ન કહી શકાય. ભરતીમાં નામ નોંધાવનાર પણ, દિવસો જવા માંડ્યા તેમ, દઢ બનવાને બદલે ખરવા માંડ્યા. હું સમજ્યો કે સવિનય ભંગનું ગાડું ધાર્યા કરતાં ધીમું ચાલશે.

- 'સત્યના પ્રયોગો'માંથી સાભાર

# કનૈયાલાલ ભટ્ટના "બ્રહ્માસ્ત્ર"નો ડોગરીમાં અનુવાદ, જમ્મુમાં લોકાર્પણ



ગાંધીનગર, તા. ૯


ગાંધીનગરના સર્જક ડૉ. કનૈયાલાલ ભટ્ટના વાર્તાસંગ્રહ "બ્રહ્માસ્ત્ર"નો અનુવાદ ડોગરી ભાષામાં ડૉ. જિતેન્દર સિંહ, જમ્મૂ દ્વારા કરવામાં આવ્યો છે. જેનો લોકાર્પણ સમારોહ જમ્મૂ કશ્મીર રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ, જમ્મૂ દ્વારા તા. ૮મીએપ્રિલના રોજ જમ્મૂ કશ્મીર કલા, સંસ્કૃતિ અને ભાષા અકાદમીના સભાગારમાં જમ્મૂના વરિષ્ઠ સર્જક અને ડોગરી સાહિત્ય અકાદમી, નવી દિલ્હીના સંયોજક ડી. કે. વેદ "દર્શનનદર્શી"ના મુખ્ય અતિથિપદે, કેન્દ્રીય હિંદી નિદેશાલય, નવી દિલ્હીના નિદેશક અવનીશ કુમારના વિશિષ્ટ અતિથિપદે, જમ્મૂ કશ્મીર કલા, સંસ્કૃતિ અને ભાષા અકાદમીના એડિ. સેક્રેટરી અને જાણીતા પંજાબી લેખક અરવિન્દર સિંહ "અમન", ગાંધીનગરના સર્જક ડૉ. કનૈયાલાલ ભટ્ટ, સરકારી ડિગ્રી કૉલેજ, બસોલીના પ્રિંસીપાલ ડૉ. રણજીત સિંહની ઉપસ્થિતિમાં જમ્મૂ ખાતે યોજાઈ ગયો. આરંભે સંસ્થાના અધ્યક્ષ અને વરિષ્ઠ પંજાબી, ડોગરી લેખક દિદારસિંહે પ્રાસંગિક વકતવ્ય આપ્યું. અનુવાદક ડૉ. જિતેન્દર સિંહે પોતાની અનુવાદની યાત્રા અને ગુજરાતી ડોગરીભાષાની સામ્યતા વિશે ઘણી વાત કરીને આ "બ્રહ્મમાસ્ત્ર"માંથી પ્રથમ વાર્તા "અતીત ચ ગલદા વજૂદ" (અતીતમાં ઓગળતું અસ્તિત્વ)નું ડોગરીમાં પઠન કર્યુ હતું.

ઉપસ્થિત મહાનુભાવો અને ભાવકોને આ વાર્તા ખૂબ ગમી હતી. ત્યાર બાદ આ વાર્તાસંગ્રહના મૂળ લેખક ડૉ. કનૈયાલાલ ભટ્ટે પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે અનુવાદ સર્જન કરતાંય કઠિન કામ છે કેમ કે સર્જનમાં એક ભાષાની જરૂર છે જયારે અનુવાદમાં બે ભાષા, બે સંસ્કૃતિ જાણવાની હોય છે. મારા શબ્દની તાકાતથી હું જમ્મૂ સુધી આવ્યો છું. આ શબ્દ જ બે ભાષાને, રાજ્ય કે રાષ્ટ્રને જોડે છે. ત્યારબાદ અકાદમીના એડિ. સેક્રેટરી અરવિન્દર સિંહ "અમન"એ લેખક અને અનુવાદકને આવકારતા કહ્યું હતું કે પ્રત્યેક ભાષામાં આવું કામ થવું જોઈએ. ડૉ. રણજીત સિંહે પણ પોતાની શુભેચ્છાઓ પાઠવી હતી. કેંદ્રીય હિંદી નિદેશાલયના નિદેશક પ્રો. અવનીશ કુમારે પોતાના વક્તવ્યમાં કહ્યું કે ડૉ. ભટ્ટ વર્ષોથી કેંદ્રીય નિદેશાલય સાથે જોડાયેલા છે. આજે તેમનું સર્જન છેક જમ્મૂ સુધી પહોંચ્યું તેનું મને પણ ગૌરવ છે. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ડૉ. ભારત ભૂષણ શર્માએ કર્યુ હતું. આ સમારોહમાં જમ્મૂના જાણીતા સર્જકો શ્રી શેખ મોહમ્મદ કલ્યાણ, વિજય વૈદ્ય, રતંલાલ સહગલ, સુનિતા ભડવાલ તથા અનેક સર્જકો, ભાવકો અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

# પુસ્તક પરબમાં કરાયું 'ચકલીઘર'નું વિતરણ



માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશન દ્વારા રવિવારની સવારે પુસ્તક પરબ યોજાઈ હતી. ૪૦૦થી વધુ પુસ્તકોની આપલે કરવામાં આવી હતી. આવનાર સૌ મુલાકાતીઓને ચકલીઘર પણ વિનામૂલ્યે આપવામાં આવ્યું હતું.



એમ. પી. શાહ એજ્યુકેશન સોસાયટી,કડી સંચાલિત મણિબેન એમ.પી શાહ મહિલા આર્ટ્સ કોલેજ, કડીમાં ગુજરાત સરકારની કેસીજી સંસ્થા દ્વારા ફિનિશિંગ સ્કૂલની સો કલાકની તાલીમ યોજાઈ હતી. સ્કૂલની આ પ્રથમ બૅચમાં ૩૧ વિદ્યાર્થિનીઓ તાલીમાર્થી તરીકે જોડાઈ હતી. સમાપન કર્યાક્રમમાં મંડળના મંત્રી નલિનભાઈ શાહ તથા આચાર્ય ડૉ. હિનાબેન પટેલે તાલીમાર્થીઓને પ્રોત્સાહક વાતો કરી હતી. તાલીમનાં તજ્જ્ઞ સુપ્રીતિબેન નેગીએ ઓબ્ઝર્વેશન અને કોન્સન્ટ્રેશન, કમિટમેન્ટ, સ્ટ્રેસ મેનેજમેન્ટ, નેગોશિએશન સ્કીલ્સ, ઈન્ટરવ્યુ સ્કીલ્સ, પ્રોફેશનલ એથિક્સ, લિડરશિપ સ્કીલ્સ વગેરે અંગે તાલીમાર્થીઓને તાલીમ આપી હતી અને તેનું અમલીકરણ કરવાની શીખ પણ આપી હતી. ફિનિશિંગ સ્કૂલનાં કો-ઓર્ડીનેટર મનસુખ પટોલીયા સાથે દક્ષા મકવાણા, કાજલ દેસાઈ, જી. એસ. કાજલ પ્રજાપતિ તથા તાલીમાર્થીઓએ આ બૅચને સફળ બનાવવામાં પોતાનું યોગદાન આપ્યું હતું.